# શાસનના શીલભદ્ર સારસ્વત પુરુષો

## અલગારી, નિઃસ્પૃહી, યોગી અને અનેક સિદ્ધિના સર્જક,

# કવિવર શ્રી આનંદઘનજી મહારાજ

મુનિપ્રવર શ્રી આનંદઘનજી મહાન યોગી અને કવિવર હતા. તેમને યોગસાધના દ્વારા અનેક સિદ્ધિ સહજપણે પ્રાપ્ત થઈ હતી. તેમની આત્મસાધના અને ત્યાગભાવના અપૂર્વ અને અલૌકિક હતી. તેઓ નિઃસ્પૃહી, અલગારી તેમ જ અધ્યાત્મના ઉચ્ચ સાધક–યોગીરાજ–અવધૂત હતા.

શ્રી આનંદઘનજી મહારાજના જન્મ કે દીક્ષાનાં સ્થળ–સમયની કે ગુરુ–સંબંધી કોઈ આધારભૂત માહિતી, તેમની કાવ્યકૃતિઓ કે અન્ય સાધનો દ્વારા, પ્રાપ્ત થતી નથી. તેમના જીવન વિષે કેટલીક ઘટના—કેટલાક પ્રસંગો અને અન્ય થોડીઘણી માહિતી મળે છે તે લોકમુખે વહેતી આવેલી વાતોમાંથી, તેમની કાવ્યકૃતિઓના હાર્દમાંથી અને મહોપાધ્યાય શ્રી યશોવિજયજીની ‘અષ્ટપદી’ રચના વગેરેમાંથી પ્રાપ્ત થાય છે.

શ્રી આનંદઘનજીનો સમય આશરે વિ. સં. ૧૬૬૦ થી ૧૭૩૦ સુધીનો મનાય છે. તેમનો જન્મ પ્રાયઃ બુંદેલખંડના કોઈ ગામમાં થયો હતો. તેમનું દીક્ષાવસ્થાનું નામ ‘લાભાનંદ’ હતું અને ‘આનંદઘન’ એ તેમનું ઉપનામ હતું. શ્રી આનંદઘનજી મહારાજના સંપર્કમાં મહો૦ યશોવિજયજી અને પંન્યાસ શ્રી સત્યવિજયજી આવ્યા હતા. તેમાં મહો૦ યશોવિજયજી તો ત્યાં સુધી કહે છે કે — “પારસમણિ સમા આનંદઘનજીના સમાગમથી લોહ જેવો હું યશોવિજય સુવર્ણ બન્યો!” જ્યારે પં. સત્યવિજયજી તેમની સાથે કેટલોક સમય વનમાં રહ્યા હતા. પં. સત્યવિજયજી દ્વારા ક્રિયોદ્ધાર, શ્રી આનંદઘનજી દ્વારા અધ્યાત્મયોગ અને મહો૦ યશોવિજયજી દ્વારા જ્ઞાન – એમ આત્મજ્ઞાનનાં ત્રણ અંગનો ત્રિવેણીસંગમ એ સમયમાં સધાયો હતો. પંન્યાસજી દ્વારા ક્રિયોદ્ધાર કરવામાં આવ્યો ત્યારે–તે સમયમાં જે શિથિલાચાર વગેરે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રહ્ષણ પ્રવર્તી રહ્યાં હતાં તેનો ચિતાર શ્રી આનંદઘનજી અને મહો૦ યશોવિજયનાં પદો, સ્તવનો, સજ્ઝાયો વગેરેમાં જોવા મળે છે. આમ, આ સમય પાનખરનો અને વસંતનો – એમ બંને રીતે પ્રવર્તિત હતો એમ કહી શકાય.

શ્રી આનંદઘનજીએ કયા ગચ્છમાં દીક્ષા લીધી તે અંગે મતમતાંતર પ્રવર્તે છે. તેમ છતાં, તેમનો સમાગમ વગેરે જોતાં તેઓ 'તપાગચ્છ'ના હોય એમ વધુ બનવાજોગ છે. જો કે, તેમનું મોટા ભાગે એકાંતમાં કે જંગલમાં અધ્યાત્મ–યોગસાધનાર્થે રહેવાનું જે અલગારીપણું હતું, તેથી ગચ્છ કે સંપ્રદાયથી તો તેઓ પર જ હતા. એટલું જ નહિ, તેમનું જીવન અને કવન કોઈપણને પોતાના માનવા પ્રેરે એવું સર્વવ્યાપક પણ હતું. આવી પ્રતીતિ આપણને તેમની નિમ્ન કાવ્યકૃતિઓમાં તરત જોવા મળે :

'રામ કહો રહેમાન કહો, કોઉ કાન કહો મહાદેવ રિ;
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયંમેવ રિ.
ભાજન–ભેદ કહાવત નાના, એક મૃત્તિકા રૂપ રિ;
તૈસે ખંડ કલ્પનારોપિત, આપ અખંડ સ્વરૂપ રિ.
પરસે રૂપ પારસકો કહિયે, બ્રહ્મ ચીન્હે સો બ્રહ્મ રિ;।
ઇહિ વિધિ સાધો આપ, 'આનંદઘન' ચેતનમય નિષ્કર્મ રિ ॥

આજથી લગભગ ૨૭૫ વર્ષ પહેલાં થઈ ગયેલા યોગીવર્ય શ્રી આનંદઘનજીનાં સ્તવનોમાં ભક્તિયોગ છે, જ્ઞાનયોગ છે, સમર્પણયોગ છે; તેમ જ શ્રી જિનાગમોનાં સઘળાં રહસ્યો છે. આ સ્તવનો એક એવા મહાપુરુષનું સર્જન છે કે જેમની સાતે ધાતુમાં, દશ પ્રાણોમાં, પાંચ ઇન્દ્રિયોમાં અને છટ્ઠા મનમાં તેમ જ સાડા ત્રણ કરોડ રૂંવાડાંમાં પરમાત્મભક્તિ પ્રતિષ્ઠિત હતી. જેમનામાં અસ્થિમજ્જાવત્ પરમાત્મભક્તિની પાવનકારી ગંગા અહર્નિશ વહેતી હતી.

આનંદઘન–ચોવીશી : વર્તમાન અવસર્પિણી કાળના ૨૪ તીર્થંકરદેવાનાં આ ૨૪ સ્તવનોમાં ક્રમશઃ અધ્યાત્મ-રવિનો વધતો જતો ઉદ્યોત વર્તાય છે. આનંદઘન એ અંતરતમ આત્મા છે. અણુ અણુમાં વ્યાપ્ત અંતર્યામી છે. સર્વ નિકટવર્તી પદાર્થોથી વધુ નિકટ આત્માના સ્વભાવને સ્વ-ભાવ-ભૂત બનાવીને જીવવા માટે યોગીવર્ય શ્રી આનંદઘનજીનાં આ ચોવીસે સ્તવનો એક અજોડ ઇલાજ છે. બધાં સ્તવનોમાં આનંદઘન આત્માની વાણી છે, આનંદઘન આત્માનો ઉજાસ છે, આનંદઘન આત્માની પ્રતિષ્ઠા છે. પ્રત્યેક સ્તવનમાં સાધકની આગવી છટા છે. આત્મિક ખુમારીની હવા છે. યોગ અને અધ્યાત્મની સ્પર્શનાનું સંગીત છે. કર્મબળ અને ધર્મબળનું નિર્મળ પ્રતિપાદન અને ષડ્દર્શનની સ્પષ્ટતા છે, અવંચક આદિ ત્રણ યોગોનું નિરૂપણ છે, સમ્યક્ત્વ ગુણનું પ્રતિપાદન છે. અઢાર મુખ્ય દોષોથી સર્વથા રહિત શ્રી જિનેશ્વરદેવના અચિંત્ય સામર્થ્યનું વિરાટ સ્વરૂપે નિરૂપણ છે. આ સ્તવનો એ ઉત્કૃષ્ટ ભક્તિવરની ઉત્કૃષ્ટ જિનભક્તિના ઉત્કૃષ્ટ અંતરોદ્ગાર છે. મહામહિમાશાળી આત્મદ્રવ્યનો આવો આબેહૂબ નકશો અન્યત્ર ભાગ્યે જ નીરખવા મળે છે. જેમ જર્મન મહાકવિ ગેટે મહાકવિ કાલિદાસના 'શાકુંતલ'ને માથે મૂકીને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

નાચ્યો હતો, તેમ આ મનમોહક સ્તવનોને પણ માથે ચડાવીને નાચવાનું મન થાય એટલાં એ સુંદર, સરસ અને ચિંતનમય છે. ભવભ્રમણાનો ભાંગીને ભુક્કો કરવાની કલ્પનાશક્તિ જગાડવાની આ સ્તવનોમાં અદ્‌ભુત શક્તિ છે.

પહેલા સ્તવનમાં પ્રભુજીને પ્રિયતમ તરીકે સ્વીકાર્યા છે. દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્મા જેના પ્રિયતમ હોય તેનું મન સતી જેમ સત્ તત્ત્વમાં પ્રતિષ્ઠિત હોય; પછી પૂછવું જ શું ! બીજા સ્તવનમાં એ પ્રીતમની પ્રતીક્ષાનો ભાવ ભાવસભર શૈલીમાં ગૂંથાયો છે : 'પંથડો નિહાળું રે બીજા જિન તણો રે, અજિત અજિત ગુણધામ.' ત્રીજા સ્તવનમાં શ્રી વિશ્વેશ્વર વીતરાગ અરિહંત પરમાત્માના સેવકની પ્રાથમિક યોગ્યતા દર્શાવી છે. ભય, દ્વેષ, ખેદ ઇત્યાદિ રહિત ભક્ત જ ભગવાનની ઝાંખી કરી શકે. ચોથા સ્તવનમાં દર્શનપિપાસુ સાધકની આગવી છટાઓનું નિદર્શન છે. સાધકમાં આવશ્યક આત્મિક ખુમારીની આબોહવા જોવા મળે છે. એમાં જિનદર્શનનું તત્ત્વજ્ઞાન જોવા મળે છે અને યોગ, અધ્યાત્મ અને અનુભૂતિની સ્પર્શનાનું સંગીત પ્રાપ્ત થાય છે. એ સંગીતમાં લીન બનીને સંસારની માયાજાળમાંથી મુક્ત થઈ જવાય છે. સાધક આત્મસ્થ બને છે અને આત્મસ્થ સ્થિતિ એ જ પરમ આનંદની, પરમ સુખની, પરમ શાંતિની સ્થિતિ છે, એમ સિદ્ધ થાય છે. સોળમું સ્તવન વાંચતાં એ વાતની પ્રતીતિ થાય છે કે યોગીરાજ આનંદઘનજી સાચે જ એ અવસ્થામાં જ જીવ્યા હશે ! ભાગ્ય રૂપી ભાનુના પ્રકાશમાં આનંદઘન આત્મા પ્રસન્નતામાં પૂર્ણ સુખ પામે – એ આ સ્તવનો અનુભવ કરાવે છે. આ સ્તવનો પૂર્ણ ચંદ્રમાંથી ઝરતી સુધા સમાં છે. એની અર્થદ્યુતિ સૂર્યકિરણ સમી પ્રકાશમાન છે; તો એની નાદલીલા, સંગીતલીલા, શ્રવણલીલા ચંદ્રકિરણ સમી મધુર છે. આ સ્તવનોમાં આધ્યાત્મિક ગરિમાનું ઓજસ્ છે; તો ભક્તિભાવનું માર્દવ છે. સુધારસનો સ્વાદ ફિક્કો લાગે એવો આત્મરસ–પરમાત્મરસ આ સ્તવનોમાંથી આસ્વાદાય છે ! વીસમા સ્તવનમાં એટલે જ આત્માને ચાવવાની વાત છે, જેમાં પરમાત્મરસ નીપજે છે ! આ સ્તવનોના અભ્યાસથી, સેવનથી આત્મશુદ્ધિ થાય છે, આત્મસ્નેહમાં વૃદ્ધિ થાય છે, ભક્તિભાવમાં સમૃદ્ધિ થાય છે અને જીવનમાં રિદ્ધિ પ્રાપ્ત થાય છે. માટે યોગી શ્રી આનંદઘનજીની આ ચોવીશી અનન્ય કૃતિ છે !

**ધ્યાનાર્હ જીવન–પ્રસંગો :** નિર્ભયતા : શ્રી આનંદઘનજીના વ્યક્તિત્વનો પરિચય કરાવતા કેટલાક પ્રસંગો નોંધાયા છે. તે પ્રસંગો તેમના વિશિષ્ટ ગુણોને વ્યક્ત કરવા માટે સક્ષમ છે.

એક વાર મહાત્મા આનંદઘનજીને ખાનગીમાં હળવેકથી વિનંતી કરવામાં આવી કે 'આપ થોડી વાર વ્યાખ્યાનનો પ્રારંભ ન કરો તો સારું....'

'વ્યાખ્યાન તો તેના સમયે શરૂ થશે જ.' મહાત્માએ આકાશ સામે દૃષ્ટિપાત કરીને નિર્ણય જાહેર કર્યો.

'પણ નગરશેઠ જેવી વ્યક્તિ સભામાં ન હોય ને....' વ્યાખ્યાન સાંભળવા બેઠેલા આયોજકોએ પોતાની અકળામણ વ્યક્ત કરી.

'ધર્મનું આચરણ વ્યક્તિગત રીતે વિચારીને થાય ?' એમ કહીને આનંદઘનજીએ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મ અને વૈરાગ્ય પર પોતાનો પ્રચંડ વાણીપ્રવાહ વહેતો મૂક્યો. અમદાવાદ શહેરના શ્રોતાજનો સ્થળકાળ ભૂલીને તેમના પ્રવચનમાં તણાઈ રહ્યા. સળી પડે તો સંભળાય એવી શાંતિ છવાઈ ગઈ હતી. વ્યાખ્યાનમાં મોડેથી પહોંચનારા 'પોતે કંઈક ગુમાવ્યું છે' એવો અનુભવ કરતા હતા. મોડા આવનાર નગરશેઠને પણ બીજા શ્રોતાઓ પાછળ બેસી જવા સિવાય છૂટકો ન હતો.

શ્રોતાજનોમાં બેઠા પછી પણ નગરશેઠનું ધ્યાન પ્રવચનમાં ચોંટ્યું નહિ. કારણ કે તેને વારંવાર એક જ વિચાર ડંખતો હતો કે — 'મારી હાજરીની રાહ ન જોવાઈ એ તો ઠીક, પણ હું અમદાવાદનો નગરશેઠ છું તેની નોંધ સુધ્ધાં ન લેવાઈ!'

પ્રવચન પૂરું થયું. શ્રોતાઓ આનંદઘનજીને પ્રશ્નોત્તરી કરી અને વંદન કરી વીખરાવા લાગ્યા. પછી નગરશેઠ મહાત્મા પાસે આવીને બોલ્યા, 'આપે પ્રવચનનો આરંભ કરવામાં થોડી ઉતાવળ કરી. હું પ્રવચનમાં આવવાનો જ હતો.' 'હું' શબ્દ પરનું વજન નિરભિમાની મહાત્માને ન ગમ્યું. તેઓ મૌન રહ્યા. વળી નગરશેઠે એ જ વાત દોહરાવી. 'હું આવવાનો જ હતો. આપના વક્તવ્યના લાભથી મને વંચિત નહોતો રાખવો.'

'ભાઈ! મારે મન તો બધા સમાન છે. એકાદ વ્યક્તિ માટે હું શા માટે થોભું? બધાના સમયની બરબાદી કરવાનું નિમિત્ત હું અને તમે શા માટે બનીએ?'

આ સાંભળી નગરશેઠ ઊભરો દબાવી ન શક્યા. તે પોતાના મનની વાત ખુલ્લી રીતે બોલી ગયા: 'અમારા જેવા ધર્મસેવકો પર આપની કૃપાદૃષ્ટિ હોવી ઘટે. એટલા માટે તો આપને મારા તરફથી આહાર અને કપડાં વહોરાવું છું અને ઘટતી સેવાનો પ્રબંધ કરું છું.'

નગરશેઠનું અભિમાન જોઈ આનંદઘનજી બોલ્યા, 'શેઠજી, તમે વહોરાવેલો આહાર તો હવે આ દેહમાં વપરાઈ ચૂક્યો છે, એટલે એ તમને લોહીમાંસ રૂપે પાછો આપી શકાય, જે શક્ય નથી અને ઇચ્છનીય પણ નથી. પરંતુ તમારાં કપડાં મારા શરીર પરથી અત્યારે જ ઉતારીને પાછા આપી શકું છું.' — એટલું કહીને નગરશેઠે વહોરાવેલાં વસ્ત્રોનો ઘા કરી, પોતાની મસ્તીમાં ચાલી નીકળ્યા ને જંગલમાં જઈ રહ્યા. તે સમયે તેમના હોઠે એક સ્તવન રમી રહ્યું:

'આશા ઓરન કી ક્યા કીજે, ગ્યાન સુધારસ પીજે,
...આશા દાસી કે જે જાયે, તે જન જગ કે દાસા.'

યોગસિદ્ધિ: આબુની એક ગુફા બહાર બેઠાં બેઠાં આનંદઘનજી મસ્તીમાં વૈરાગ્યનાં પદો ગાતા હતા, ત્યાં તેમને ખોળતો ખોળતો કોઈ પ્રવાસી આવી ચડ્યો, ને બોલ્યો:

'મહાત્માજી! આપના બાળપણના મિત્રે આ કૂંપો મોકલાવ્યો છે.'

'હા...આ! શાનો કૂંપો છે, ભાઈ?' મહાત્માએ પૂછ્યું.

આગંતુક અતિ ઉત્સાહમાં આવી ગયો, 'બાપજી! આ કૂંપામાં એવી વસ્તુ ભરી છે કે જેની પાસે તે હશે તેની પાછળ દુનિયા દોટ મૂકશે! તમારા મિત્રે આ સાધનાની સિદ્ધિ રૂપે એ પ્રાપ્ત કરીને તેનો ભાગ આપને પહોંચાડવા મને મોકલ્યો છે. લો, ખાતરી કરો.'

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આટલું સાંભળવા છતાં આનંદઘનજીના ચહેરા પર વિસ્મયની નિશાની રૂપ કોઈ ચમક ન ઊપસી. તેઓ તટસ્થ લાગ્યા. 'કેમ, આ કૂંપામાં અમૃત તો નથી મોકલાવ્યું ને?' તેમણે પૂછ્યું.

આગંતુકે ઠાવકી રીતે કહ્યું, 'સંસાર ઊભો છે લક્ષ્મીને જોરે. જગત મુજરો કરે છે ધનવાન સામે. દુનિયાની દોટ છે સોના પાછળ. તમારા મિત્રે વરસોની સાધના પછી એવું રસાયણ શોધી કાઢ્યું છે કે જેના એક ટીપાથી સુવર્ણનું સર્જન થઈ શકશે.' એમ કહીને, કૂંપો ખોલીને તેણે એક પથ્થર પર એક ટીપું મૂક્યું અને પથ્થરનું પરિવર્તન શરૂ થયું. પથ્થર ધીમે ધીમે સુવર્ણ બનવા લાગ્યો. આવનાર વિચારતો હતો કે હમણાં આનંદઘનજી મારા હાથમાંથી કૂંપો લઈ લેશે; પણ આનંદઘનજીની સ્થિરતામાં કાંઈ ફેર પડ્યો નહિ. 'લાવ, એ સિદ્ધિના ફળસ્વરૂપનું રસાયણ.' એમ કહી કૂંપો હાથમાં લઈ તેનો ઘા કર્યો. તેમાંનું રસાયણ ઢોળાઈ ગયું. એ જ્યાં જ્યાં પડ્યું ત્યાં ત્યાં સુવર્ણનું સર્જન થયું; પરંતુ મહાત્માની અભેદ દૃષ્ટિમાં કોઈ પરિવર્તન ન થયું. તેથી આવનાર માણસ અકળાયો. એને મહાત્માની આ વાત ગમી નહિ. મહામહેનતે મેળવેલી સિદ્ધિ આમ વેડફી નાખવામાં તેને મૂર્ખાઈ લાગી. તે મહાત્માને ગમે તેમ બોલવા લાગ્યો ત્યારે આનંદઘનજીએ મૌન તોડ્યું :

'ભાઈ, સામે પેલી પથ્થરની શિલા તને દેખાય છે?'

'હા.' પેલો બોલ્યો.

'હમણાં થોડી વાર પછી કહેજે કે એ શિલા શાની બનેલી છે.' એમ કહીને આનંદઘનજી ત્યાં પહોંચ્યા. શિલા પર લઘુશંકા કરી અને પછી પેલાને બોલાવીને શિલા દેખાડી. આખી શિલા સુવર્ણની બની ગઈ હતી! આગંતુક મહાત્માજીનાં ચરણોમાં આળોટી પડ્યો અને બોલ્યો : 'બાપજી! આપને મેં ઓળખ્યા નહીં! મને માફ કરો. જેમની લઘુશંકામાં આટલી તાકાત હોય તેમના વિચારોમાં કેટલી તાકાત હશે!'

સાધકને સુવર્ણનો મોહ બાધક હોય, તેથી આવી વસ્તુ ન ખપે, એવો બોધપાઠ લઈને ભોંઠો પડેલો સંદેશવાહક પાછો ફર્યો.

નિર્લેપપણું : આ અવધૂત યોગીને જગતની જંજાળ પસંદ હતી નહિ. પોતાની મસ્તીમાં ગમે ત્યાં વિહરતા. એક વખત આબુની ગુફામાંથી સમાધિ પૂરી કરીને બહાર આવ્યા, ત્યાં આભૂષણોથી લચી પડેલી એક સૌન્દર્યવાન સ્ત્રીએ માથું નમાવીને કહ્યું કે—'બાપજી! હું જોધપુરની મહારાણી છું પણ મહારાજા મારી સામું જોતા નથી. આપ કંઈક કરો કે મહારાજાને અને મારે મનમેળ થાય.' આનંદઘનજીને આવા સાંસારિક પ્રશ્નોમાં રસ નહોતો. તેમણે મહારાણી સામે જોયું પણ નહિ. મહારાણી તો રોજ આવીને પ્રાર્થના કરવા લાગી. એક દિવસ મહાત્માએ કાગળની ચબરખી પર કંઈક લખીને રાણી સામે ફેંકી. મહારાણીને થયું કે, બાપજીએ કોઈ મંત્ર આપ્યો છે. તેથી તે લઈ, માદળિયામાં મઢાવીને પહેરી લીધી.

આ પછી એવો ચમત્કાર થયો કે મહારાજા હવે રાણીને પ્રેમથી બોલાવવા લાગ્યા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી રાણીઓને અદેખાઈ થાય તેમ વર્તવા લાગ્યા. અન્ય રાણીઓએ આ પરિવર્તન શાથી થયું તે જાણવા એક ચતુર દાસીને તૈયાર કરી. દાસીએ જાણ્યું કે આણુના કોઈ યોગીરાજે તેને વશીકરણમંત્ર આપ્યો છે. આ વાતની મહારાજાને જાણ થઈ ત્યારે તે ખૂબ ગુસ્સે થયો. એક સાધુનાં આવાં કરતૂતથી તે ખૂબ છંછેડાયો અને આનંદઘનજી પાસે પહોંચ્યો, અને ક્રોધથી માદળિયાનો ઘા કર્યો. મહાત્માએ એને ખોલીને જોવા કહ્યું. માદળિયું ખોલીને તેમાંનું લખાણ વાંચી રાજા અત્યંત છોભીલો પડી ગયો. એમાં લખ્યું હતું કે :—

'રાજા–રાણી મિલે, ઇસમેં આનંદઘન કો ક્યા ?
રાજા–રાણી ન મિલે, ઇસમેં આનંદઘન કો ક્યા ?'

રાજા આનંદઘનજીના પગમાં પડ્યો. આવી હતી તેઓશ્રીની સંસાર પ્રત્યેની નિર્લેપતા !

'શ્રી અભિનંદન જિનસ્તવન'માં આથી જ કહેવાયું કે,
'દરિશણ દરિશણ રટતો જો ફિરું, તો રણ રોજ સમાન;
જેહને પિપાસા હોય અમૃતપાનથી, કિમ ભાંજે વિષપાન.
તરસ ન આવે હો મરણજીવન તણો સીઝે જો દરિશણ કાજ;
દરિશણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ.
અભિનંદન જિનદરશણ તરસીએ, દરિશણ દુર્લભદેવ....'

એવી જ રીતે, 'આનંદઘન–ચોવીસી'નાં સ્તવનોમાં તો અનેક એવી પંક્તિઓ મળી આવે છે કે જે તેઓશ્રીના ઊંડા તત્ત્વજ્ઞાનની પરિચાયક બની રહે છે. જેમ કે,

'ધર્મ જિનેસર ગાવું રંગશું, ભંગ ન પડજો હો પ્રીત જિનેસર.
બીજો મનમંદિર આણું નહિ, એ આમ કુલવટ રીત જિનેસર....ધર્મ૦
ધર્મ ધર્મ કરતો જગ સહુ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ જિનેસર,
ધર્મ જિનેસર ચરણ ગ્રહ્યાં પછી, કોઈ ન બાંધે હો કર્મ જિનેસર....ધર્મ૦

આવા નિઃસ્પૃહી અને નિર્લેપ મહાત્માને કોટિ કોટિ વંદન હજો ! જેમની વાણી અક્ષર રહીને યુગો સુધી અમૃતનું પાન કરાવ્યા કરશે !

## જિનાગમોના પારગામી, સમર્થ વિદ્વાન અને કવિ

# ઉપાધ્યાય શ્રી સકલચંદ્ર ગણિવર

કવિ ગણદાસ ઉપાધ્યાય સકલચંદ્ર અને ચંદ્રની સરખામણી કરતાં લખે છે કે, 'ચંદ્ર અત્રિ ઋષિનો પુત્ર છે; જે આકાશમાં વિરાજે છે. અને ઉપા૦ સકલચંદ્રજી શેઠ ગોવિંદનો પુત્ર છે, જે તપાગચ્છમાં વિરાજે છે. ચંદ્ર સોળ કળાવાળો છે, જ્યારે સકલચંદ્ર બોત્તેર કળાવાળો છે. ચંદ્રની કળા વધે–ઘટે છે, જ્યારે સકલચંદ્રની કળા પ્રતિદિન વૃદ્ધિ જ પામતી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org